## ફળો અને શાકભાજીની જાળવણી અને તાલીમ

ગ્રામીણ તથા શહેરી મહિલાઓને આર્થિક રીતે સ્વાવલંબી બનાવવા માટે રાજ્ય સરકારના બાગાયત ખાતા દ્વારા મહિલાઓને ફળો અને શાકભાજી ઉપલબ્ધ હોય ત્યારે તેની જાળવણી તથા તેમાંથી વિવિધ બનાવટો જેવી કે અથાણા, ટામેટા કેચપ, સિરપ, જામ, જેલી, શરબત વિગેરે બનાવવાની તાલીમ આપવામાં આવે છે. આ પ્રશિક્ષણ અને તાલીમ માટે ૧૮ સામૂહિક તાલીમ અને કિચન ગાર્ડન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવી છે તેમ જ મોબાઈલ તાલીમ કેન્દ્રો પણ શરૂ કરવામાં આવેલ છે. ગ્રામીણ વિસ્તારની મહિલાઓના સમયને ધ્યાનમાં રાખી ૭થી ૧૫ દિવસના ટૂંકા ગાળાના તાલીમ કાર્યક્રમો યોજવામાં આવે છે.

**આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૦૯-૧૦ માં રૂ. ૪૫.૦૦ લાખની જોગવાઈ સૂચવાઈ છે.**

**વર્ષ ૨૦૦૮-૦૯માં ૫૭૧૨ ગૃહિણીઓએ આ તાલીમમાં ભાગ લીધેલ છે.**

**સંપર્ક : જિલ્લાના નાયબ બાગાયત નિયામકશ્રી (કૃષિ અને સહકાર વિભાગ, ગાંધીનગર)**